44 કરોડ ના ખર્ચે 44 ગામોને ફિલ્ટર વાળું પાણી આપવાની યોજનાની કામગીરી ચાલી રહી છે

નસવાડીના ખોડિયા અને પોચંબા ગામ પાસે પાણીની પાઈપલાઈન ખોદવાની કામગીરી ખેડૂતોએ અટકાવી

(પ્રતિનિધિ) નસવાડી, તા.12 નસવાડી તાલુકાના ખોડિયા અને પોચંબા ગામ પાસે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ ખેડૂતોની જમીનનું વળતર આપ્યા વગર પાઈપલાઈન ખોદવાની કામગીરી કરતા ખેડૂતોને કામગીરી અટકાવી પાણીપુરવઠા વિભાગ ના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો ખેડૂતો ની જમીન માં આડેધડ ખોદકામ કરીને પાઈપલાઈન નાખવાની કામગીરી કરે છે જેને લઈને ખેડૂતો માં રોષ વ્યાપ્યો છે. નસવાડી તાલુકાની પોચંબા પાણીપુરવઠા યોજના સુધારણા યોજનામાં 44 કરોડ ના ખર્ચે 44 ગામોને ફિલ્ટર વાળું પાણી આપવાની યોજનાની કામગીરી ચાલી રહી છે જેમાં ખેડૂતો ની સંમતિ વગર નસવાડી તાલુકાના ખોડિયા અને પોચંબા ગામ પાસે પાઈપલાઈન નાખવાની કામગીરી પાણી પુરવઠા યોજના ના અધિકારીઓ અને કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતા તે કામગીરી અટકાવી દેવામાં આવી છે ખેડૂતો નો આક્ષેપ છે કે અમારા ખેતરો માં પાઈપલાઈન નાખીને ગયા પછી જ્યારે પાઈપલાઈન તૂટે ત્યારે પાણીપુરવઠા વિભાગ ના અધિકારીઓ આવતા નથી

ખેતર માં વાવણી કરેલી હોય તે બગડી જાય તેમજ જમીન નું વળતર પણ આપ્યું નથી જ્યારે અમારા ખેતરો માં ઘૂસતા પહેલા અમારી મંજૂરી પણ લેતા નથી આદિવાસી વિસ્તાર ના ખેડૂતો માં અધિકારીઓ સામે નારાજગી જોવા મળી રહી છે પાઈપલાઈન નાખવાની કામગીરી કરતા પહેલા ખેડૂતો ને જમીન નું વળતર આપવું જોઈએ ત્યાર બાદ પાઈપલાઈન નાખવાની કામગીરી કરવી જોઈએ અનેક ગામડાઓમાં જ્યાં જ્યાં પાઈપલાઈન નાખવામાં આવી છે ત્યાં લીકેજ થાય છે ત્યારે ભારે ખેડૂતો હેરાન થાય છે પાણીપુરવઠા વિભાગ ના અધિકારીઓ ના મનસ્વી વર્તન થી ખોડિયા પોચંબા ના ખેડૂતો ના નારાજગી જોવા મળી રહી છે વિપીનભાઈ જમનાદાસ ભીલ, ખોડિયા ગામનો ખેડૂત; અમારા ખેતર માં પાણીપુરવઠા વિભાગ ના અધિકારીઓ અને કોન્ટ્રાકટર અમારી મંજૂરી વગર પાણી ની પાઈપલાઈન નાખવાની કામગીરી કરતા હતા આ કામગીરી અમે અટકાવી છે અમારી જમીન નું વળતર આપ્યા વગર પાઈપલાઈન ખોદવાની કામગીરી કરતા હતા અમે એનો વિરોધ કરીએ છે નજીક માં પોચંબા ગામ માં પણ આવી ઘટના બની છે અધિકારીઓ ના મનસ્વી વર્તન થી ખેડૂતો માં રોષ જોવા મળી રહ્યો છે અને અમારી વાત નહીં માને તો ઊગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તે તંત્ર ની જવાબદારી રહેશે

ઇંડાના સ્ટોલ લાગતા સ્કુલના સંચાલકો સામે લોકોમાં રોષ

ક્વાંટ ઈસાઈ મિશનરી સંચાલિત ડોન બોસ્કો સ્કૂલમાં આનંદ મેળામાં ઈંડાનો સ્ટોલ ઉભો કરાતા હોબાળો

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.12 છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ગામે ડોન બોસ્કો શાળામાં તમામ ધર્મના બાળકો અભ્યાસ કરે છે આજરોજ શાળાના સંચાલકો દ્વારા શાળામાં આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈંડા નો સ્ટોલ લગાવવામાં આવતા વાલીઓમાં નારાજગી જોવા મળી હતી. આ શાળામાં દરેક ધર્મના લોકો ના બાળકો અભ્યાસ કરે છે એવા સમયે નોનવેજ ન ખાતા હોય અને ચુસ્ત પાલન કરતા હોય તેવા બાળકોનું શું? જે બાબતે હોબાળો મચ્યો હતો ઈંડાના સ્ટોલ મુદ્દે શાળા સંચાલકો બચાવની મુદ્રામાં આવીને કંઈપણ બોલવાથી દૂર રહ્યા હતા. ઈંડાના સ્ટોલ લાગતા

સ્કુલના સંચાલકો સામે લોકોમાં રોષ સાથે હિન્દૂ વિદ્યાર્થીઓની પણ આવા સ્ટોલ લાગણી દુભાઈ રહી છે. હિન્દૂ ધર્મ પાળનાર લોકોને ગેર માર્ગે દોરવણી પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ઈસાઈ મિશનરી દ્વારા ધર્મ ભ્રષ્ટ કરવા માટેનું કૃત્ય કરતા હોવાનો લોકોનો આક્ષેપ આ બાબતે છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી deo આનંદભાઈ ને પૂછતા તેઓએ કહ્યું કે આનંદ મેળામાં કોઈપણ દિવસ નોનવેજની વસ્તુઓ મૂકવામાં આવતી નથી અને આજરોજ ડોન બોસકો શાળા કવાંટ દ્વારા નોનવેજ ની વસ્તુઓનો સ્ટોલ રાખવામાં આવ્યો હશે તો તેઓ પર સખત પગલા લેવામાં આવશે. ગુજરાત ભાજપ યુવા મોરચા ઉપપ્રમુખ મુકેશભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે કવાંટ તાલુકામાં ઈસાઈ મશીનરી દ્વારા હિન્દુઓને ધર્મ પરિવર્તન કરવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ડોન બોસ્કો શાળામાં નોનવેજ સ્ટોલ ઉભો કરીને હિન્દુઓનો ધર્મ ભ્રષ્ટ કરવાનું આ કૃત્ય છે જે બાબતે ગંભીર પગલા લેવા માટે અમે ઉપર સુધી રજૂઆત કરવાના છીએ.

સાવલી પોલીસ મથકે 2011ની મારામારીના કેસમાં આરોપીને બે વર્ષની સજા

(પ્રતિનિધિ) સાવલી, તા.12 સાવલી પોલીસ મથકે ૨૦૧૧ ની સાલમાં નિઝામપુરા ગામે થયેલી મારામારી માં છરી વડે હુમલો કરી ઘાયલ કરવાના પ્રકરણ માં સાવલી ચીફ જ્યુશિયલ કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવીને બે વર્ષની સાદી સજા અને ૨૦ હજાર નું વળતર ચૂકવવા નો હુકમ કરીને એક ને સજા અને બે ને નિર્દોષ છોડવાનો હુકમ કર્યો છે

પ્રાપ્ત માહિતી અનુસાર સાવલી પોલીસ મથકે સાલ ૩/૪/૨૦૧૨ ના રોજ નિઝામપુરા ગામે સામાન્ય બાબતની બોલાચાલીમાં મારામારી થઈ હતી જેમાં એક એક ઈસમ પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો આ બનાવમાં સાવલી પોલીસ મથકે ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવા પામી હતી ફરિયાદી બુધાભાઈ પ્રભાતભાઈ ઠાકરડા રહે નિઝામપુરા તા સાવલી એ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું હતું કે આ કામના આરોપી (૧) ઈશ્વર ડાહ્યાભાઈ ઠાકરડા (૨) મહેન્દ્ર ઈશ્વર ઠાકરડા (૩) સંજય મહેન્દ્ર ઠાકરડા તમામ રહે નિઝામપુરા તા સાવલી ના ઓ એ આ ત્રણેય ભેગા થઈ ને ઘનશ્યામ ભાઈ રમણભાઈ ઠાકરડા રહે નિઝામપુરા ની સાથે થયેલ ઝઘડામાં માર મારીને માર્યો હતો અને આરોપી ઈશ્વર ઠાકરડા એ ઘનશ્યામ ઠાકરડા ને પીઠ પાછળ ચાકુ મારી ને ઈજાગ્રસ્ત કરી ને લોહીલુહાણ કાર્ય હતા પોલીસે ફરિયાદી ફરિયાદ ના આધારે આ ત્રણેય આરોપીઓ ને ઝડપી પાડ્યા હતા અને જેલના હવાલે કર્યા હતા આ બનાવ બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી જેનો કેસ સાવલીના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ એ શેખ ની કોર્ટ માં ચાલી જતા સરકારી વકીલ પી એમ રાઠોડ ની ધારદાર દલીલો ને ગ્રાહ્ય રાખીને આરોપી ઈશ્વર ઠાકરડા ને કસૂરવાર ઠેરવ્યો હતો અને બે વર્ષની સાદી સજા અને ૨૦ હજાર નું વળતર ઈજાગ્રસ્ત ને ચૂકવવાનો હુકમ કર્યો હતો જ્યારે અન્ય બે આરોપી મહેન્દ્ર ઠાકરડા અને સંજય ઠાકરડા ને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

ભેખડિયા ગામે એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મકાઈ બિયારણ વિતરણ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.12 છોટાઉદેપુર જિલ્લાના ક્વાટ તાલુકામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાની વેઠવાનો વારો આવી રહ્યો છે તેવામાં ક્વાટ તાલુકાના ભેખડીયા ગામે દીપ એજ્યુકેશન ટ્રસ્ટ વડોદરા અશ્વિનકુમાર કનૈયાલાલ પટેલ તરફથી મકાઈનું બિયારણ આપવામાં આવ્યું જેમાં ગામની સંખ્યા 60 જણને મકાઈનું પેકેટ જમીન પ્રમાણે એક ખેડૂત દીઠ બે થી ત્રણ પેકેટ આપવામાં આવ્યા છે જમા ઉપસ્થિત તાલુકા પંચાયતના પ્રમુખ મિલનભાઈ રાઠવા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી ખેડૂતોને મકાઈ નૂ બિયારણ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે કમોસમી માવઠાને કારણે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે અને આગામી દિવસોમાં આનુ વળતર મળે તેવી આશા રાખી બેઠા છે.

પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય"- જિલ્લા ચૂંટણી અધિકારી

PWD મતદાર, સિનિયર સિટીઝન મતદારોની મુલાકાત લઈ SIR વિશે જાણકારી અપાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.12 ભારતમાં વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૪ સુધીમાં ૮વાર SIRની કામગીરી કરવામાં આવી છે.હાલ દેશના ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ચાલી રહી છે.ગુજરાત રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.છોટાઉદેપુર જિલ્લામાં ચાલી રહેલ મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ગાર્ગી જૈન દ્વારા છોટાઉદેપુર તાલુકાના રૂનવાડ ગામમાં BLOની કામગીરીનું નિરિક્ષણ કરવામાં આવ્યુ હતું.

જિલ્લા ચૂંટણી અધિકારીએ રૂનવાડ ગામમાં BLO દ્વારા PWD

મતદાર,સિનિયર સિટીજન મતદાર સાથે મુલાકાત કરી તેમને એન્યુમરેશન ફોર્મ (Efs-ગણતરી ફોર્મ) અને SIR વિશેની જાણકારી આપી વાતચીત કરી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારીએ મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) કામગીરી કરતા બીએલઓ અને સુપરવાઈઝરો કહ્યું હતુ કે "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય" ખાસ ધ્યાન રાખવામાં આવે.તેઓએ મતદારયાદીમાં મતદારોનું યોગ્ય મેપિંગ થાય, એન્યુમરેશન ફોર્મમાં જેમને ના સમજ પડે તેમને સમજાવી ફોર્મ ભરવામાં જરૂરી સૂચનો આપ્યા હતા. આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી યુ.એસ.શુક્લ, મામલતદાર, નાયબ મામલતદાર, બીએલઓ, સુપરવાઈઝરો અને ચૂંટણી શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાલોલ રોટરી ક્લબ ઓફ દ્વારા ધાબળા વિતરણ

(પ્રતિનિધિ) હાલોલ, તા.12 સેવા યજ્ઞની હારમાળામાં વધુ એક મણકો પીરોવતા, રોટરી ક્લબ ઓફ હાલોલ દ્વારા તારીખ 11/11/2025 ને મંગળવાર ના રોજ હાલોલની આસપાસના ગામડાના જરૂરિયાત મંદ ઘરોમાં ક્લબ ના સભ્યો દ્વારા રૂબરૂ જઈને 100 જેટલા ધાબળા (બ્લેન્કેટ) નું વિતરણ કરવામાં આવ્યું. આગામી ઠંડીના દિવસોને ધ્યાનમાં રાખીને કરાયેલ. આ ઉમદા કાર્ય માં ક્લબના પ્રમુખ હાર્દિક જોશીપુરા, મંત્રી વૈભવ પટેલ, પૂર્વ પ્રમુખ પ્રદીપભાઈ પરીખ તથા અન્ય સભ્યો આ સેવા કાર્યમાં રૂબરૂ હાજર રહેલ હતા. આ સેવા કાર્ય માં મદદ રૂપ થનાર મૂળ હાલોલ ના મુંબઈ નીવાસી રજનીકાંત ઓ. શાહ તરફથી 50 ધાબળા તેમજ રોટરી ક્લબ હાલોલના સભ્ય રો. રાહુલ જોશી, રો. પારસ પટેલ, રો. વિપુલ રાણા, AG રો. શિલ્પા પટેલ અને રો. પલ્લવી શાહ તરફથી 50 ધાબળા સ્પોન્સર કરવામાં આવેલ હતા.

શિનોરના માલસર-અસા નર્મદા બ્રિજ પરથી ઝઘડિયા તાલુકાના જરોઈ ગામના યુવકતે નર્મદા નદીમાં ઝંપલાવ્યું

શિનોર : ઝઘડિયા તાલુકાના જરોઈ ગામે રહેતા અને મજૂરી કામ કરતા કપિલા બેન મગનભાઇ વસાવાએ ઉમલ્લા પોલીસ સ્ટેશન માં આપવામાં આવેલ જાહેરાત મુજબ ગત તારીખ 11 નવેમ્બર 2025 ના રોજ માલસર - અસા નર્મદા બ્રિજ પરથી તેમનો દીકરો 40 વર્ષીય મહેન્દ્રભાઈ વસાવા તેઓની મોટર સાયકલ તથા પર્સ તેમજ શર્ટ તથા ઇયરફોન પુલ પર મૂકીનેનર્મદા બ્રિજ પરથી કૂદી જઈને નર્મદા નદીના પાણીમાં ડૂબી ગયેલ છે.જે અંગેની આપેલ જાહેરાત બાદ ઉમલ્લા પોલીસે ફાયર વિભાગ ની મદદ લઈ બનાવ સંદર્ભે તપાસ હાથ ધરી શોધખોળ હાથ ધરવામાં આવી છે.

જનજાતિય ગૌરવ રથયાત્રાનું સિંગવડ ખાતે સ્વાગત કરાયું

(પ્રતિનિધિ) સિંગવડ, તા.12 જનજાતિય ગૌરવ યાત્રામાં ગુજરાત રાજ્યના આદિજાતિ તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ મંત્રી પી. સી. બરંડા સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર લીમખેડા ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સી કે કિશોરી સિંગવડ સરપંચ લખીબેન વહુનીયા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ મહેશભાઈ બારીયા પૂર્વ પાર્ટી પ્રમુખ મહેન્દ્ર પટેલ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીઓ જિલ્લા પંચાયત સભ્યો તાલુકા પંચાયત સભ્યો સરપંચો તથા ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓ સહિત અન્ય પદાધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા જ્યારે સરપંચો તથા આગેવાનો દ્વારા આવેલા મહેમાનોનું સાલ ઓઢાડી ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે આ કાર્યક્રમમાં સૌ કોઈ સહભાગી બન્યા હતા. દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં આવેલ સિંગવડ ગામ ખાતે ગૌરવ રથયાત્રા પહોંચતા ફટાકડા ફોડીને સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

ક્વાંટ નગરમાં વિશ્વકર્મા મંદિરમાં પંચાલ સમાજની બહેનો દ્વારા અન્નકૂટનું આયોજન

ક્વાંટ : છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટનગરમાં આવેલ શ્રી વિશ્વકર્મા મંદિરમાં પંચાલ સમાજની બહેનો દ્વારા અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકૂટમાં સમસ્ત પંચાલ સમાજના ભાઈ-બહેનોએ ભેગા મળીને દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે મહિલાઓ દ્વારા ભજન-કીર્તનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકૂટના આયોજનમાં પંચાલ સમાજના સૌએ સહભાગી થઈને આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.પંચાલ સમાજ દ્વારા આવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવું એ સમાજની સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાનો એક ભાગ છે.

સ્નેહમિલનમાં કરજણ શિનોર પોર ના સરપંચ અને ડેપ્યુટીસરપંચનું પણ સન્માન કરવામાં આવ્યું

કરજણ શિનોર પોર વિધાનસભા નારેશ્વરના લીલોડ ગામ ખાતે ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ

(પ્રતિનિધિ) શિનોર, તા.12 કરજણ શિનોર પોર વિધાનસભાનો નવા વર્ષ નિમિતે શ્રી રંગ અવધૂત મહારાજ ની પવિત્ર ભૂમિ પર દિવાળી હિન્દુ નવા વર્ષ નિમિતે ભારતીય જનતા પાર્ટી નો સ્નેહમીલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો સહ પરિવાર સાથે પધારવા આહવાન કરવામાં આવ્યું હતું અને દેવાયત ખવડ ના સ્વ કંઠે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું.મોટી સંખ્યામાં જન મેદની ઉમટી હતી. કરજણ શિનોર વિધાનસભા ના ધારાસભ્ય અક્ષયભાઈ

પટેલ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું સ્નેહ મિલન કાર્યક્રમ માં વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિ,પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા,વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાગેલા , સાવલીના ધારાસભ્ય કેતન ભાઈ ઈમાનદાર, વડોદરા તાલુકા પ્રમુખ અંકિતાબેન પરમારકેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીકેબિનેટ મંત્રી કમલેશ પટેલ સહિતના કાર્યકર્તા આ સ્નેહમિલનમાં હાજર રહ્યા હતા અને આ સ્નેહમિલનમાં કરજણ શિનોર પોર ના સરપંચ અને ડેપ્યુટીસરપંચ નું પણ સન્માન કરવામાં આવ્યું હતું ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ગિફ્ટ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને વિધાનસભાના જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જનતાનો આભાર માન્યો હતો.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી

બિરસા મુંડાની ગૌરવ યાત્રા બોડેલી અલીપુરા ચારરસ્તા પાસે ભવ્ય સ્વાગત કરાયું

(પ્રતિનિધિ) બોડેલી, તા.12 બોડેલીનાં અલીપુરા પ્રસ્થાપિત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફુલહાર કરી શ્રદ્ધાંજલિ આપી યાત્રા બોડેલી એપીએમસી ખાતે પહોંચી જ્યાં એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના મહાન આદિવાસી સ્વાતંત્ર સેનાની ભગવાન બિરસા મુંડા ની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જે અનુસંધાને સાતમી નવેમ્બરે અંબાજીથી અંબાજી થી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં પ્રારંભ થયેલ ગૌરવ યાત્રા

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ને લગતી બાબતોના રાજ્યકક્ષાના મંત્રી પી.સી બરંડા, કૃષિ અને ખેડૂત કલ્યાણ, પશુપાલન, સહકાર અને ગૌસંવર્ધન વિભાગનાં રાજ્યકક્ષાનાં મંત્રી રમેશભાઈ કટારાની આગેવાની હેઠળ બોડેલીનાં અલીપુરા ચાર રસ્તા ખાતે આવી પહોંચતા યાત્રાનું છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્યો અભેસિંહભાઈ તડવી, રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતીભાઈ રાઠવા સહિત જિલ્લાનાં પદાધિકારીઓ, ભારતીય જનતા પાર્ટી સંગઠનનાં પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિત હોદ્દેદારો અને કાર્યકરોએ ભવ્ય સ્વાગત કરી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને યાત્રા લઈને આવેલા ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ સાથે છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા સહિત ધારાસભ્યો હોદ્દેદારોએ ફૂલહાર કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. યાત્રા બોડેલી એપીએમસી ખાતે પહોંચી હતી જ્યાં આયોજિત જાહેર સભામાં ઉપસ્થિત મંત્રીઓ તેમજ ધારાસભ્યઓએ ભગવાન બિરસા મુંડાનું આદિવાસીઓ માટેનું યોગદાન સાથે દેશ માટેનું જે યોગદાન હતું એ બાબત ને વિસ્તૃત પણે વર્ણવી હતી.